# બાળગીતો



૩

સંસ્કાર સાહિત્ય મંદિર : ભાવનગર

1600125

શારદા મંદિર
બાલ મંદિર
૨૦૦૯

# બાલગીતો

[ભાગ ત્રીજો]

: સંપાદક :

સોમાભાઈ ભાવસાર

*

સંસ્કાર સાહિત્ય મંદિર
પો. બો. ૩૪
દરબારગઢ, ભાવનગર–૩૬૪ ૦૦૧

૧લી આવૃત્તિ ૧૯૬૦
પુનર્મુદ્રણ ૧૯૬૫
" ૧૯૭૮
" ૧૯૯૨

રૂ. ૧૭-૦૦

પ્રકાશક
સંસ્કાર સાહિત્ય મંદિર વતી:
દીપકકુમાર જ. શાહ
ભાવનગર

મુદ્રક
લક્ષ્મી આર્ટ પ્રિન્ટરી
ડી. એસ. પી. ઓફીસ પાછળ,
ભાવનગર.

અર્પણ

“વેણીનાં ફૂલ” અને “કિલ્લોલ”નાં ગીતો ધરી
ગુજરાતના બાલજીવનને મઘમઘતું કરનાર
**સદ્‌ગત ઝવેરચંદ મેઘાણીને**

## સંપાદક તરફથી

(પ્રથમ આવૃત્તિ સમયે)

'પતંગિયાં', 'ફુવારો' અને 'રમતાં ગીતો' જેવાં બાલગીતોનાં જાણીતા સંગ્રહો પ્રકટ થયા હોવા છતાં પણ બાલમંદિરોમાં સામાન્ય રીતે ગવાતાં પ્રચલિત બાલગીતોનો એક બૃહદ બાલગીત-સંગ્રહ પ્રકટ થાય તો સારું એવી ઘણા સમયથી ઘણા તરફથી માગણી થતી હતી. પરંતુ બાલ-લોકગીતોથી માંડીને આજ દિન સુધીનાં બાલગીતોના સંગ્રહનું કાર્ય ધારીએ તેટલું સરળ નહોતું. એક વિચાર એવો પણ આવેલો કે ગવાતાં બાલગીતોના માહિતી માટે એક પરિપત્ર દરેક બાલમંદિરને મોકલવો, પણ ધાર્યા સમયમાં સૌના તરફથી જવાબ મળશે નહિ અને સંગ્રહના પ્રકાશન-કાર્યમાં વિલંબ થશે એમ માની સૌથી સારું તો અમારી પાસેના સંગ્રહમાંથી તેમજ જુદા જુદા કવિઓનાં બાલગીતોના જે સંગ્રહો પ્રગટ થયેલ છે તે મેળવીને તેમાંથી તારવણી કરીને ગવાતાં બાલગીતોના સંગ્રહ કરી એકવાર તે પ્રકટ કરી દેવા અને પછીથી રહી જતાં બાલગીતોનો બીજો સંગ્રહ પ્રકટ કરવો એ ઠીક થઇ પડશે એમ વિચાર્યું.

બાલગીતો ભાગ ૧-૨-૩ એ રીતે પ્રકટ થાય છે. કદાચ કોઇને તેમાં સંગ્રહાયેલાં બધાંય બાલગીતો શ્રેષ્ઠ ન લાગે તે સંભવિત છે, પરંતુ બાલમંદિરોમાં ગવાતાં અને બાળકોને ગમતાં બાલગીતોના આ સંગ્રહ છે એટલી વાત સાચી. આ સંગ્રહ વધુ ઉપયોગી થાય અને ગુજરાતના બાળકોને ઘણાં ઘણાં બાલગીતો મળે એટલા માટે આ

સંગ્રહમાં જે બાલગીતો અમે પ્રકટ નથી કરી શક્યા, અમને ન મળી શકવાના કારણે, તેવાં બાલગીતો જો અમને મોકલી આપવામાં આવશે તો હવે પછીના સંગ્રહમાં તેનો સમાવેશ વેશ કરી તે પ્રકટ કરતાં અમને ઘણો આનંદ થશે.

પોતાનાં ગીતો પ્રકટ કરવા માટે જે જે કવિઓએ અમને પ્રેમપૂર્વક સંમતિ આપી છે તે સર્વના અમે આભારી છીએ. કેટલાંક ગીતોનાં કર્તાનાં નામ અમને મળી શક્યા નથી. તેથી તે ગીતોનાં કર્તાના નામ અમે મૂકી શક્યા નથી; આથી જો વાચકો તરફથી કે તે ગીતકર્તા તરફથી અમને તે અંગે માહિતી મળશે તો હવે પછીની આવૃત્તિમાં સુધારો કરી શકાશે.

ગુજરાતમાં બાલશિક્ષણનું કાર્ય દિવસે દિવસે વધતું જાય છે અને મુંબઈ, નડિયાદ, અમદાવાદ, સુરેન્દ્રનગર, ભાવનગરમાં બાલમંદિરના શિક્ષકો તૈયાર કરવા માટે અધ્યાપન મંદિરો ચાલી રહ્યાં છે તેમાં ભણતા વિદ્યાર્થી ભાઈબહેનોને આ સંગ્રહો ઉપયોગી થઈ પડશે એવી આશા છે. શક્ય એટલી કાળજી લેવા છતાંય આ સંગ્રહમાં છપાયેલ ગીતોમાં કોઈ જગાએ શબ્દફેર, લીટીફેર, કે બીજી કોઈ ભૂલ થઈ હોય તો તે તરફ અમારુ લક્ષ દોરવા વિનંતિ છે.

અંતમાં બાલગીતો ભાગ ૧-૨-૩માં સંગ્રહાયેલાં ગીતો ગુજરાતનાં ગીતરસિયાં બાળકોના કંઠે રમો એજ અભ્યર્થના.

તા. ૧૨-૩-૬૦ }<br>ભાવનગર }

સોમાભાઈ ભાવસાર

# બાલગીતો

* આ નિશાનીવાળાં ગીતોની રેકર્ડ ઉતરેલ છે

## * અનુક્રમણિકા *


| | | | |
|---|---|---|---|
| ૧ | ઉપરાણું | શ્રી જુગતરામ દવે | ૧ |
| ૨ | પૂછું | ,, સુંદરમ્ | ૨ |
| ૩ | બાલમંદિરિયું | ,, જુગતરામ દવે | ૩ |
| ૪ | કુહરડી | ,, ત્રિભુવન વ્યાસ | ૪ |
| ૫ | કુંજોમાં જાતું | ,, પ્રીતમલાલ મજમુદાર | ૫ |
| ૬ | ચાંદારાણા | ,, ત્રિભુવન વ્યાસ | ૬ |
| ૭ | ફુલદાની | ,, હિંમતલાલ મથંક | ૭ |
| ૮ | પીળો પતંગ | — | ૮ |
| ૯ | ચારણ કન્યા | ,, ઝવેરચંદ મેઘાણી | ૯ |
| ૧૦ | નાચો નાચો | ,, વસન્ત નાયક | ૧૧ |
| ૧૧ | બંદો | ,, જુગતરામ દવે | ૧૨ |
| ૧૨ | દરિયાની માછલી | ,, ઝવેરચંદ મેઘાણી | ૧૩ |
| ૧૩ | મેહુલો | ,, પ્રહલાદ પારેખ | ૧૪ |
| ૧૪ | જાગો | ,, ,, | ૧૫ |
| ૧૫ | ઘેરૈયા | ,, ,, | ૧૬ |
| ૧૬ | એક સવારે | ,, સુંદરમ્ | ૧૭ |
| ૧૭ | મંદિર તારું | ,, જયંતીલાલ આચાર્ય | ૧૮ |
| ૧૮ | સૂરજના છડીદાર | ,, કૃષ્ણલાલ શ્રીધરાણી | ૧૯ |

| | | |
|---|---|---|
| ૧૯ બાલ ગુજરાતી | શ્રી સોમાભાઇ ભાવસાર | ૨૦ |
| ૨૦ દાદાજીના દેશમાં | ,, ઝવેરચંદ મેઘાણી | ૨૧ |
| ૨૧ સાચનો સિપાઇ | ,, નાનાલાલ કવિ | ૨૨ |
| ૨૨ ઘૂઘવતો સાગર* | ,, પિનાકીન ત્રિવેદી | ૨૩ |
| ૨૩ હલ્લેસાં* | ,, ,, | ૨૪ |
| ૨૪ જાદુગર* | ,, ,, | ૨૫ |
| ૨૫ બાળાઓ | ,, સોમાભાઇ ભાવસાર | ૨૬ |
| ૨૬ કેવડો | ,, ,, | ૨૭ |
| ૨૭ હૈયાની હોડલી | ,, ,, | ૨૮ |
| ૨૮ આવરે વરસાદ | ,, જગદીપ વીરાણી | ૨૯ |
| ૨૯ મેહુલો ગાજે | લોકગીત | ૩૦ |
| ૩૦ વસંત લ્યો | ,, નાનાલાલ કવિ | ૩૧ |
| ૩૧ વાદળી ઘૂમે છે. | ,, ત્રિભુવન વ્યાસ | ૩૨ |
| ૩૨ અંબર ગાજે | ,, ઝવેરચંદ મેઘાણી | ૩૩ |
| ૩૩ રંગ રંગ વાદળિયાં | ,, સુંદરમ્ | ૩૪ |
| ૩૪ શરદપૂનમ | ,, મૂળજીભાઇ ભક્ત | ૩૬ |
| ૩૫ લાખ લાખ દીવડા* | ,, અવિનાશ વ્યાસ | ૩૭ |
| ૩૬ વેણીનાં ફૂલ | ,, ઝવેરચંદ મેઘાણી | ૩૮ |
| ૩૭ આશાભર્યાં | લોકગીત | ૪૦ |
| ૩૮ બેડલું | ,, | ૪૧ |
| ૩૯ નહિ રે આવું | ,, | ૪૨ |
| ૪૦ છેટો રે' | ,, | ૪૩ |
| ૪૧ કાનુડો | ,, | ૪૪ |

| | | |
|---|---|---|
| ૪૨ નાગદમન | લોકગીત | ૪૫ |
| ૪૩ ગોપીચંદ | ,, | ૪૬ |
| ૪૪ નીંદભરી | શ્રી ઝવેરચંદ મેઘાણી | ૪૮ |
| ૪૫ તલવારનો વારસદાર | ,, ઝવેરચંદ મેઘાણી | ૪૯ |
| ૪૬ પિંજરનું પંખી | ,, સોમાભાઇ ભાવસાર | ૫૧ |
| ૪૭ છેલણુ ખીવિયાં | લોકગીત | ૫૨ |
| ૪૮ નીંદર ચોર | ,, ઝવેરચંદ મેઘાણી | ૫૪ |
| ૪૯ પ્રહલાદ | — | ૫૫ |
| ૫૦ ઘાંચીની ઘાણી | ,, સોમાભાઇ ભાવસાર | ૫૬ |
| ૫૧ પિંજરનો પોપટ | ,, દેશળજી પરમાર | ૫૭ |
| ૫૨ લાડુભટ | ,, સોમાભાઇ ભાવસાર | ૫૮ |
| ૫૩ અચ્છામેરા | — | ૫૯ |
| ૫૪ પરમેશ્વર | ,, પ્રીતમલાલ મજમુદાર | ૬૦ |
| ૫૫ ભીમસેન | ,, સોમાભાઈ ભાવસાર | ૬૧ |
| ૫૬ છું તૈયાર | ,, દેશળજી પરમાર | ૬૩ |
| ૫૭ જનગણમન | ,, રવીન્દ્રનાથ ટાગોર | ૬૪ |

## ઉપરાણું

તારું ના મા ! બાળક હોઉં, હોત ગલૂડું નાનું,
તારા ભાણામાં પડી મોઢું, ભરી જાઉં છાનુંમાનું !

સાચેસાચું કહી દે જે કાંઇ રાખીશ ના સંતાડી,
હૈડ કહીને હાંકી મેલત તો શું અમને માડી ?

જા મા ! ત્યારે જા જા ની તું !
ઉતાર અમને ખોળેથી તું !
તારે ખોળે જા નહિ રમીએ !
વનવગડામાં જઈને રહીશું !
તારે ભાણે જા નહિ જમીએ !

તારું ના મા ! બાળક હોઉં, હોત જ પોપટ પંખી !
તારે ખોળે હું ઊડી આવું, મનમાં એવું ઝંખી !
સાચેસાચું કહી દે જે કંઈ રાખીશ ના સંતાડી.

જા મા ! ત્યારે જા જા ની તું !
ઉતાર અમને ખોળેથી તું !
લાડ અમોને ના કરતી તું !
તારે ખોળે જા નહિ રમીએ !
વનવગડામાં જઇને રહીશું !

# પૂછું

હું તો પૂછું કે મોરલાની પીંછીમાં રંગ રંગવાળી
આ ટીલડી કોણે જડી ?

વળી પૂછું કે મીંદડીની માંજરીશી આંખમાં
ચકચકતી કીકીઓ કોણે મઢી ?

હું તો પૂછું કે આંબલાની ટોચે જ્યાં હાથ ના પહોંચે
ત્યાં કૂંપળો કોણે કરી ?


વળી પૂછું કે માવડીને પેટે આ દૂધ કેરી ધોળી
મીઠી ધાર કોણે ભરી ?

હું તો પૂછું કે ચાંદાની થાળીમાં બકરી ને ડોશીની
ઝૂંપડી કોણે મઢી ?

વળી પૂછું કે આભની હથેલીમાં સૂરજની ભળતી
ભમરડી આ કોણે કરી ?

હું તો પૂછું કે પોપચે મઢેલી આ દશ દિશ દેખંતી
આંખ મારી કોણે કરી ?

વળી પૂછું કે નવલખ તારે મઢેલી આ
આભલાની ગૂદડી કોણે કરી ?



## બાલમંદિરિયું

બાલમંદિરિયું, બાલમંદિરિયું, અમારું સુંદર સોહાય,
વહાલું મારું બાલમંદિરિયું.

ટેકરીને શિખરે મંદિર અમારું,
દહેરાની જાણે ધજાય-વહાલું૦

કાંકરિયે કાંકરી વહાલી છે ટેકરીની,
ઝાડવાની ઝાઝી ઘટાય-વહાલું૦

સવારે સૂરજ સોનલા રે વેરતા,
સાંજે ગુલાલ ઢોળી જાય-વહાલું૦

સવારે સૂરજ હસતા રે આવે,
સાંજે હસી હસી જાય-વહાલું૦

કોઇ રાત દૂધના ડેકે સરોવર
કોઇ રાત તારા વરતાય-વહાલું૦

સૂરજ લોકથી ને ચાંદા તે લોકથી
તારાથી આવ મોરી માય-વહાલું૦



# કુદરડી

ફરો ફરોને છોકરાં કુદરડી
જેમ ફરે ઉંદરડા ઉંદરડી
તેમ ફરોને છોકરાં કુદરડી.

ફરે ચાંદો સૂરજ બે ઉંદરડા
પેલા તારલિયા સૌ ઉંદરડી
ફરો ફરોને છોકરાં કુદરડી.

ફરે મેહુલો મોટો ઉંદરડો
પેલી વાંદળીઓ સૌ ઉંદરડી
ફરો ફરોને છોકરાં કુદરડી.

ફરે ઇશ્વર જો થઇ ઉંદરડો
તો દુનિયા થઈ જાય ઉંદરડી
ફરો ફરોને છોકરાં કુદરડી.

## કુંજોમાં જાવું

મારે ફૂલડાંની સંગાથ વસવા કુંજોમાં જાવું
મારે પોપટની સંગાથ વસવા કુંજોમાં જાવું.

રંગ રંગની પાંખ ધરીને
ફૂલ ફૂલ પર ઊડી ઊડીને

ભમરાની સંગાથ રસના ગુંજનમાં જાવું
મારે ફૂલડાંની સંગાથ વસવા કુંજોમાં જાવું.

કોયલનાં ગીત કાને ધરવાં
વચમાં વચમાં ટહુકા કરવા


મોરો કેરા નાચ અંગમાં ભરવાને જાવું
મારે ફૂલડાની સંગાથ વસવા કુંજોમાં જાવું.



# ચાંદારાણા

ચાંદારાણા, ચાંદારાણા, આકાશેથી આવોજી.
ઝગમગ, ઝગમગતું સંગાથે તારામંડળ લાવોજી,
ડોલર કળીના ગાદી તકિયા ઊજળા વેશ બિછાવુંજી,
શ્વેત સુગંધિત મંજરીઓના માથે મેં વરસાવુંજી.
—ચાંદારાણા૦

સાગરની ઊછળતી છોળે હિંડોળા બંધાવુંજી,
દૂધના ફીણની ફરતી ચાદર પગ મૂકવા પથરાવુંજી.
—ચાંદારાણા૦




# ફૂલદાની

અમે આજ ભરી'તી ફૂલદાની
કેવી રૂડી રૂપાળી ફૂલદાની
અમે આજ ભરી'તી ફૂલદાની

ગુલાબ મૂકયાં, ડોલર મૂકયાં
ભર્યાં ચંપો ને ચંબેલી
અમે આજ ભરી'તી ફૂલદાની.

કરેણ, પારિજાતક મૂકયાં
ઓ રસલી તો ફૂલરાણી
અમે આજ ભરી'તી ફૂલદાની.

લીલી ડાંખળીઓ ને ફૂલથી
શોભે કેવી ફૂલદાની
અમે આજ ભરી'તી ફૂલદાની.



## પીળો પતંગ

પીળો પતંગ મારો પીળો પતંગ
ઊંચે ચડાવું મારો પીળો પતંગ

ભૂરા ભૂરા આકાશે પીળો પીળો શોભતો,
સૂરજના જેવો મારો પીળો પતંગ
—પીળો.

ઘેરા ઘેરા ફૂમતાનો ભૂરો ભૂરો રંગ છે,
ભૂરે ભૂરે આકાશે પીળો પતંગ.
—પીળો૦

ચાંદા સૂરજ અને તારા શું ખેલવા,
આકાશે જાય મારો પીળો પતંગ.
—પીળો૦



## ચારણ કન્યા

### સાવજ ગરજે !

વનરાવનનો રાજા ગરજે !
ગિરકાંઠાનો કેસરી ગરજે !
ક્યાં ક્યાં ગરજે ?
બાવળના જાળામાં ગરજે !
ડુંગરના ગાળામાં ગરજે !
કણબીના ખેતરમાં ગરજે !
ગામ તણા પાદરમાં ગરજે !

### થર થર કાંપે ?

વાડામાં વાછરડાં કાંપે !
ફળિયામાં બાળકડાં કાંપે !
જાગંતાં ને સૂતાં કાંપે !

### બહાદર ઊઠે !

બડકંદાર બિરાદર ઊઠે !
ફરસી લેતો ચારણ ઊઠે !
ખડગ ખેંચતો આહિર ઊઠે !
બરછી-ભાલે કાઠી ઊઠે !
ઘર ઘરમાંથી માટી ઊઠે !
માનું દૂધ પીનારા ઊઠે !
જાણે આભ મિનારા ઊઠે !

## ઊભો રે'જે !

ગિરના કુત્તા ઊભો રે'જે !
કાયર કુત્તા ઊભો રે'જે !
પેટભરા તું ઊભો રે'જે !
ભૂખમરા તું ઊભો રે'જે !

## ચારણ કન્યા !

ચૌદ વરસની ચારણ કન્યા !
ચૂંદડિયાળી ચારણ કન્યા !
શ્વેત સુંવાળી ચારણ કન્યા !
બાળીભોળી ચારણ કન્યા !
લાલ હિંગોળી ચારણ કન્યા !
નેસનિવાસી ચારણ કન્યા !
જગદંબા શી ચારણ કન્યા !
ડાંગ ઉઠાવે ચારણ કન્યા !
પાછળ દોડે ચારણ કન્યા !

## ભયથી ભાગ્યો !

સિંહણ તારો ભડવીર ભાગ્યો !
રણ મેલીને કાયર ભાગ્યો !
ડુંગરનો રમનારો ભાગ્યો !
હાથીનો હણનારો ભાગ્યો !
જોગીનાથ જટાળો ભાગ્યો !
મોટો વીર મૂછાળો ભાગ્યો !
નર થઈ તું નારીથી ભાગ્યો !
નાનકડી છોકરીથી ભાગ્યો !

# નાચો નાચો

નાચો નાચો રે છોકરાં નાચો નાચો
વાદળ ઘૂમતી વીજળી નાચે
ગાજે મેહુલિયો
રાત દિવસ મોજાંઓ નાચે
ઘૂઘવે સમંદરિયો
નાચો નાચો રે છોકરાં નાચો નાચો.

વનમાં હરણાં ઝરણાં નાચે
વાગે વાંસલડી
જલમાં ચાંદો તારા નાચે
રાચે, આંખલડી
નાચો નાચો રે છોકરાં નાચો નાચો.

વાડામાં વાછરડાં નાચે
ગાયો કરતી ગેલ
મોર - કળા કરી થૈ થૈ નાચે
રીઝે રાણી ઢેલ
નાચો નાચો રે છોકરાં નાચો નાચો.

# બંદો

બંદો દોડે દોડે, કૂદે કૂદે, નાચે નાચે રે
મને કૂદવા ને નાચવા દે જેમ દિલડું રાચે રે

કેવાં વનનાં જો પંખેરુ
ઊડે ફુર ફુર ફુર
મને ફુર ફુર ઊડવા દે જેમ દિલડું રાચે રે

સૂ સૂ સૂ સૂ વાયુ વાયે
આકાશ જાણે તૂટી જાયે
મને સૂ સૂ સૂ સૂ વાવા દે જેમ દિલડું રાચે રે.
બંદો દોડે દોડે, કૂદે કૂદે, નાચે નાચે રે
બંદો રોકયો ના રહે, વાર્યો ના રહે, સાચે સાચે રે



## દરિયાની માછલી

દરિયાના બેટમાં રે'તી
પ્રભુનું નામ લેતી
હું દરિયાની માછલી,
મને બારણે કાઢવી નો'તી
હું દરિયાની માછલી.

જળ સાથે અમારે જનમ કેરી પ્રીતડી
મરજો પ્રીત્યુના તોડનારા હું. દરિયાની.
દરિયાનાં નીર મને પાતાળે ગોતશે
આભ લગી મારશે ઉછાળા-હું દરિયાની.
તારલાનાં તેજ ઊગી ઊગી આથમશે
ચંદ્ર કોને પાશે અજવાળાં-હું દરિયાની.
છીપલીની છાતીએથી કોણ હવે ઝીલશે
મોં ઉઘાડી મોતીડાં રૂપાળા-હું દરિયાની.
દરિયાના દેશથી વિછોડી
દુનિયા શું શીદ જોડી
હું દરિયાની માછલી.



# મેહુલો

પેલો જાય મેહુલો મનને મારાં
લઇ ગએલો હો....
એની વીજનટીએ કામણ કીધું
ઠમકો એવો એક દીધેલો
—પેલો જાય૦

એના નીરની ધારા
સુણાવે ગીત એ પ્યારાં
એનાં મેઘ મૃદંગના તાલમાં વાયુ
દોડતો જાણે ભાન ભૂલેલો
—પેલો જાય૦

એના શ્યામ સ્વરૂપે
ભર્યું છે શું જાદું તે
નહિ મન ક્યાંય રોકાયે, દોડતું જાયે;
મોહિત તેણે આજ કરેલો
—પેલો જાય૦



# જાગો

જાગો, જાગો જન ! જુઓ ગઇ રાત વહી;
રાત ગઇ ને ભોર થઇ–જાગો૦

હિમડુંગરનાં શિખરો ઝળક્યા
મરક મરક વનરાઇ થઇ;
સાગર જાગ્યો ભૈરવ રાગે
ઝરણું જલે નવઝલક ધરી–જાગો૦

દૂરે દૂરે ઝાલર વાગે
ક્યાંક બજી શરણાઈ રહી,
વન–ઉપવનમાં ફૂલડાં જાગે
પવન ફરે પમરાટ લઇ–જાગો૦

શ્યામલ–વરની પલટી ધરણી,
તેમ તણા શણુંગાર કરી;
જાગે છે નવજોમ ગગનમાં
લાલ રંગ સહુ અંગ ધરી–જાગો૦


# ઘેરૈયા

હો અમે સૌ આજ બન્યા ઘેરૈયા !
હો અમે સૌ આજ બન્યા ઘેરૈયા !
વિધ વિધ રંગે રંગી દીધાં અમ કાયા, અમ હૈયાં
—હો અમે૦

વસંતના રંગે રંગાઈ, વનવન રહેતાં જો મલકાઈ;
અમે રહી જઈશું શું કોરા એ જ ધરાનાં છૈયાં ?
—હો અમે૦

જે રંગે રંગાયે છે આકાશ,
જેનો લાગે ધરતીને આ પાસ,
રંગે એવા એકમેકને રંગી, બનિયા ભૈયા !
—હો અમે૦

અમ દિલ ભરિયાં જેહ ઉમંગે, ઊડે તે આ અનેક રંગો;
લાગે એ સહુ અંગે અંગે; અમે બન્યાં રંગીલાં;
—હો અમે૦



# એક સવારે

એક સવારે આવી
મુજને કોણ ગયું ઝબકાવી ?


વસંતની ફૂલમાળા પહેરી
કોકિલની લઇ બંસી.

પરાગની પાવડીએ આવી
કોણ ગયું ઉર પેસી ? મુજને૦

કિરણ તણી કોમળ અંગુલિએ
રમ્ય રચી રંગોળી ?

સોનલ એના સ્નેહ સુહાગે
કોણ રહ્યું ઝબકોળી ? મુજને૦





## મંદિર તારું

મંદિર તારું વિશ્વ રૂપાળું
સુંદર સરજનહારા રે !
પલ પલ તારાં દર્શન થાયે
દેખે દેખણહારા રે !
નહીં પૂજારી, નહીં કોઈ દેવા
નહીં મંદિરને તાળાં રે !
નીલ ગગનમાં મહિમા ગાતા
ચાંદો–સૂરજ તારા રે !
વર્ણન કરતાં શોભા તારી
થાકયા કવિગણ ધીરા રે !
મંદિરમાં તું કયાં છુપાયો
શોધે બાળ અધીરાં રે !




# સુરજના છડિદાર

અમે તો સૂરજના છડીદાર
અમે તો પ્રભાતના પોકાર

સૂરજ આવે સાત ઘોડલે
અરુણ - રથ હાંનાર;
આગે ચાલું, છડી પોકારું
પ્રકાશ - ગીત ગાનાર-અમે૦

નીંદરને પારણિયે ઝુલે
ધરા પડી સૂનકાર
ઊંઘ ભરેલાં સર્વ પોપચે,
જાગૃતિ રસ પાનાર-અમે૦

પ્રભાતના એ પ્રથમ પ્હોરમાં
ગાન અમે ગાનાર-
ચાર દિશાનાં મન જગાવી
જગને જગાડનાર-અમે૦



## બાલ ગુજરાતી

બાલ ગુજરાતી
અમે તો બાલ ગુજરાતી.

કૃષ્ણ તણી જ્યાં પદરજ લાગી
મીરાં નરસિંહને ધૂન લાગી
ગાંધી પુણ્ય પ્રતાપે જાગી;
એના સૌ સાથી-અમે૦

જેને ગાઈ ગયા છે સર્વે,
નર્મદ પ્રેમાનંદ જ ગર્વે,
ધન્ય બની જે મુક્તિ પર્વે;
મશહુર જેનાથી-અમે૦

દયાનંદ જેવાની દાતા,
વિઠ્ઠલ વલ્લભ કેરી માતા,
ફરકે જેની વિજય-પતાકા,
મગરૂર જેનાથી-અમે૦



# દાદાજીના દેશમાં

હાં રે દોસ્ત, હાલો દાદાજીના દેશમાં
પ્રેમ સાગર પરભુજીના દેશમાં–હાંરે૦

મધુર મધુરે પવન વાય
નદી ગીતો કંઈ ગાય
હસી હોડી વહી જાય
મારા માલિક દાદાજીના દેશમાં–હાંરે૦

સાત દરિયા વીંધીને વહાણું ચાલશે
નાગ કન્યાના મહેલ રૂડા આવશે
એની આંખોમાં મોતી ઝરતાં હશે
હાંરે બહેની, હાલો મોતીડાના દેશમાં–હાંરે૦

સાતે વાદળ વીંધીને વહાણ લઈ જશું
ત્રીસ કોટિ તારાની સાથ ખેલશું
ચંદ્ર સૂરજ ખીસામાં ચાર મેલશું
હાંરે રે વીર, હાલો ચાંદરડાના દેશમાં–હાંરે૦

સમી સાંજે દાદાને ઘેર પહોંચશું
એના પાંખાળા ઘોડા ખેલાવશું
પછી પરીઓને ખોળે પોઢી જશું
હાં રે બહેની, હાલો એ પરીઓના દેશમાં હાંરે૦

ભલે હોય ઘણું તાણ
ભલે ઊઠે તુફાન
આજ બનશું બેભાન
થવા દાખલ દાદાજીના દેશમાં
હાં રે દોસ્ત, હાલો દાદાજીના દેશમાં
પ્રેમ સાગર પરભુજીના દેશમાં–હાંરે૦

## સાચના સિપાઈ

સાચના સિપાઇ, અમે તો સાચના સિપાઈ.
સાચ અમારી તલવારો ને
સાચની બાંધી સવાઇ—અમે તો૦


જુઓ અમારી ધજા ફરફરે
સાચની લહેરો વાઇ,
સૂણો અમારાં બ્યુગલ વાગે
સાચની હાક છવાઇ—અમે તો૦

સાચ અમારા લડવૈયા ને
લડશે સાચ લડાઇ;
જાગે સાચનું લશ્કર સઘળે
આવો તમે ય ભાઇ—અમે તો૦



## ઘૂઘવતો સાગર

પેલા ઘૂઘવતા સાગરની માંય
પેલા મોજાંની લહેરો સમાય
અને ઊભરાય (૨)
દિન રાત ચાલ્યા કરે
દરિયા તળે તો મોતી ભરેલાં
તોયે એને તીર છીપલાં પડેલાં
મોજાં મોતીને ના ચહાય
એ તો છીપલાં લેવા આવે જાય
થાક ના લાગે અરે (૩)
દિન રાત ચાલ્યા કરે
પૂનમનો ચાંદો ઊગે આકાશે
ઘેલાં બનીને ઘૂમે એ રાસે
દેશ પરદેશ એ જાય
એની દોસ્તી મને જો થઇ જાય
તો લહેર ખૂબ આવે ખરે (૨)
દિન રાત ચાલ્યા કરે.



# હ લ્લે સાં

હલ્લેસાં માર, હલ્લેસાં માર,
હલ્લેસાં માર, હલ્લેસાં માર,
મોજાં ભરપૂર, મોજાં ભરપૂર
મોજાં ભરપૂર જાય કોની મગદૂર

થઇને બહાદુર, થઇને બહાદુર
થઇને બહાદુર, માર હલ્લેસાં.
હલ્લેસાં માર, માર હલ્લેસાં.
જાગે તોફાન, જાગે તોફાન
જાગે તોફાન રખે ભુલાવે ભાન

થઇને મસ્તાન, થઇને મસ્તાન
થઇને મસ્તાન, માર હલ્લેસાં
હલ્લેસાં માર, માર હલ્લેસાં
કરે વીજ કડકડાટ
હસો સાથ ખડખડાટ
હોડી જાય સડસડાટ
મા ર હ લ્લે સાં

હલ્લેસાં માર, માર હલ્લેસાં
રંગ રંગીલો દેશ, ઉડે ફરફરાટ કેશ
જવું દૂર દૂર દેશ, માર હલ્લેસાં.
હલ્લેસાં માર, માર હલ્લેસાં

# જાદુગર

એક જાદુગર એવો, જાદુગર એવો
એણે ખેલ બનાવ્યો કેવો એક૦

જેણે વિધ વિધ રંગી ફૂલ કર્યાં
એની પાંખડીઓમાં પ્રાણ પૂર્યાં
એણે ચાંદો બનાવ્યો કેવો–એક૦

જેણે રૂપાળી રજની કીધી
જેણે દૂધ ભરી દુનિયા કીધી
એણે મોર બનાવ્યો કેવો–એક૦

એના ટહૌકા તો સૌને ગમતા
એના રંગ દેખી બાળ હરખતાં
એનો ખેલ ન ખૂટે એવો–એક૦


# બાળાઓ

અમે નાની નાની બાળાઓ;
અમે ગાઇએ ગીત રસાળાં હો:
અમે ફૂલની શું કોમળ કળીઓ
વા વાય ને રમણે ચડીઓ–અમે૦

કાંઇ જેમ ભરી અમ આંખડીઓ,
કંઇ વાસ ભરી: મૃદુ પાંખડીઓ–અમે૦

આ શરદ પૂનમની રાતલડી;
ચંદા બેની રમવા નીસરી–અમે૦

શાં સુંદર મધુરાં ગીત ચગે,
કાંઇ અનુપમ રસ રેલાય જગે–અમે૦



## કેવડો

કેવડો મઘમઘતી ફોરમ ભર્યો.
ખળખળતા ઉનાળે પાણીડાં સીંચી
ઉછેરી મોટો કર્યો—કેવડો૦

ઝરમર વાદળી વરસે આકાશથી
શ્રાવણ માસે એ ફળ્યો—કેવડો૦

રંગે પીળી એની પાંદડીઓ અંદરથી
ફોરમ ફુવારો સર્યો—કેવડો૦



# હૈયાની હોડલી

મારી હૈયાની હોડલી નાની, સાગરરાજ ધીરા વહો,
એમાં જોજો ભરાય ના પાણી, સાગરરાજ ધીરા વહો.

અને સઢ ને સુકાન નથી કોઇનાં રે,
મેં તો શુકનની વેળા જોઇ ના રે,
મન આવ્યું ને હોડી મેલી, સાગરરાજ ધીરા વહો,
મારે સંગી ન સાથી કોઇ બેલી, સાગરરાજ ધીરા વહો.

વાય વેગે સમીર બહાર ચારે દિશે,
રાત અંધારી વાટ મને ના રે દીસે,
ધ્રુવ તારાને જોઇ તોય હાંકું, સાગરરાજ ધીરા વહો,
મારે જાવાની દિશ યાદ રાખું. સાગરરાજ ધીરા વહો.



# આવ રે વરસાદ


આવ રે વરસાદ નેવલે પાણી
તારા હૈયાની વાત આજ મેં જાણી, મેં જાણી.
આવ રે વરસાદ નેવલે પાણી.
ઊડતો પ્હેલા આભ મહીં તું આવ્યો મારે દેશ
પ્રેલાં તેં તો ધાર્યો જાણે સાવ ભભૂતી વેશ
એ વેશમાં પહેચાની
તારી પ્રીતની નિશાની
છુપાવા તું ચાહે તોપણ રહી નહીં તે છાની
આવ રે વરસાદ નેવલે પાણી.
સાંજ પડી ને ધર્યો ખરેખર રંગીન જુદો વેશ
જાણે વિરાટ લગ્નમંડપે રાજા કેરે પ્રવેશ
આજ તો આ અવની બનશે મેઘરાજની રાણી
ઝરણાંઓ મંગલ ગીત ગાશે બનીઠની મસ્તાની
આવ રે વરસાદ નેવલે પાણી.
ઝરમર ઝરમર હે મેહુલિયા પડજે તું પૂરપાટ
અવનીને ભીંજવજે પ્રેમે તેને છે તલસાટ
મનડા કેરી વાતો મનમાં છૂપી ના છુપાણી
આરસી શી આંખડી કાંઇ અણધારી શરમાણી
આવ રે વરસાદ નેવલે પાણી.

# મેહુલો ગાજે

મેહુલો ગાજે ને માધવ નાચે
રૂમઝુમ વાગે પાયે ઘૂઘરડી;
તાલ પખાજ વગાડે હે ગોપી !
કૃષ્ણ બજાવે વેણુ વાંસલડી–મેહુલો૦

પહેરણ ચરણાં ને ચીર ચૂંદડલી
ઓઢણે આછી લોમલડી;
દાદુર મોર પપૈયા રે બોલે
મધુર શી બોલે કોયલડી–મેહુલો૦

ધન બંસીધર, ધન જમુના તટ
ધન વૃંદાવન અવતાર રે;
ધન નરસૈયાની જીભલડી રે
જેણે ગાયો રાગ મલ્હાર રે–મેહુલો૦



# વસંત લ્યો

રાજ, કોઇ વસંત લ્યો, વસંત લ્યો!
હાંરે મારી ક્યારીમાં મહેક મહેક મહેકી;
હો રાજ, કોઇ વસંત લ્યો, વસંત લ્યો!

રાજ, વીણી કુંગીઓ મેં નેત્રમાં છે ઉઘાડી
હાંરે મારે હઇડે લલાટે વધાવી
હો રાજ, કોઇ વસંત લ્યો, વસંત લ્યો!

રાજ દેવ દેવી સોહાગ લેવા આવે
હાંરે મીઠી સ્નેહની બંસરી બજાવે
હો રાજ, કોઈ વસંત લ્યો, વસંત લ્યો!




## વાદળી ઘૂમે છે

વીજ ચમકે મેહુલિયો ગાજે છે
કરે મોર મીઠા ટહુકાર
વાદળી ઘૂમે છે.

નેન ચમકે હેતલડાં ગાજે છે
કરે હૈયાં મીઠા ટહુકાર
વાદળી ઘૂમે છે.

દિન ચમકે રાતલડી ગાજે છે
એના મીઠા જીવન ટહુકાર
વાદળી ઘૂમે છે.

બ્રહ્મ ચમકે ને બ્રહ્માંડ ગાજે છે
કરે આત્મા ઊંડે ટહુકાર
વાદળી ઘૂમે છે.



# અંબર ગાજે

આષાઢી સાંજના અંબર ગાજે,
અંબર ગાજે મેઘાડંબર ગાજે!
—આષાઢી સાંજના૦

માતેલા મોરલાના ટૌકા બોલે
ટૌકા બોલે ધીરી ઢેલડ ડોલે
—આષાઢી સાંજના૦

ગરવા ગોવાળિયાના પાવા વાગે
પાવા વાગે સૂતી ગોપી જાગે
—આષાઢી સાંજના૦

વીરાની વાડીઓમાં અમૃત રેલે
અમૃત રેલે ભાભી ઝરમર ઝીલે
—આષાઢી સાંજના૦

ભાભીની રાતીચોળ ચૂંદડી ભીંજે
ચૂંદડી ભીંજે ખોળે બેટો રીઝે
—આષાઢી સાંજના૦

## રંગ રંગ વાદળિયાં

હાં રે અમે ગ્યાં તાં
હો રંગના ઓવારે
કે તેજના કુવારે
અનંતના આરે
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે ઊડયાં
હો મોરલાના ગાણે
કે વાયરાના વહાણે
આશાના સુકાને
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે થંભ્યાં
હો મહેલના મિનારે
પંખીના ઉતારે
કે ડુંગરાની ધારે
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે પહોંચ્યાં
હો આભલાને આરે
કે પૃથ્વી પગથારે
પાણીના પંથારે
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે નાહ્યાં
હો રંગના ઓવારે
કે તેજના કુવારે
કુંકુમના કયારે
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે પોઢયાં
છલકતી છોળે
દરિયાને હિંડોળે
ગગનને ગોળે
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે જાગ્યાં
ગુલાલ ભરા ગાલે
ચંદન ધરી ભાલે
રંગાયાં ગુલાલે
કે રંગ રંગ વાદળિયાં.

હાં રે અમે નાચ્યાં
તારાના તરંગે
રઢિયાળા રંગે
આનંદના અભંગે

હાં રે અમે આવ્યાં
હો રંગ રંગ અંગે
અનંત રૂપ રંગે
તમારે ઉછંગે
કે રંગ રંગ વાદળિયાં.

## શરદ પૂનમ

એક એક શરદ પૂનમની રાત કે
ખીલી ચાંદની રે લોલ.

બબ્બે સૈયર સરખે સરખી કે
રમવા નીસરી રે લોલ.

ત્રણ ત્રણ તાળી પાડે સાથ કે
કાનમાં લવિંગિયાં રે લોલ.

ચાર ચાર બંગડીઓ છે હાથ કે
ખનનન ખનનન થતી રે લોલ.

પાંચ પાંચ આંગળિયે પાંચ વેઢ કે
માણેક મોતી જડયાં રે લોલ.

છ છ ઘૂઘરિયાળાં ઝાંઝર કે
ઝનનન ઝમકતાં રે લોલ.

સાત સાત મેઘધનુષના રંગે કે
રંગેલ ચૂંદડી રે લોલ.

આઠ આઠ પાંખડીઓનાં કમળ કે
ધાર્યાં અંબોડલે રે લોલ.

નવ નવ નવરાત્રિને દિન કે
ગરબે ઘૂમી વળ્યાં રે લોલ.

દસ દસ દશેરાને દિન કે
વીરને તિલક કર્યાં રે લોલ.

આવજો આવજો સૈયર સર્વે કે
આવડી આવડી રે લોલ.

# લાખ લાખ દીવડા

લાખ લાખ દીવડાની આરતી ઉતારજો,
લાખ લાખ તોરણું બંધાય;
આંગણિયે અવસર આનંદના !

લાખ લાખ ફૂલડાંની માળા ગૂંથાવજો,
લાખ લાખ હાથે ગૂંથાય;
આંગણિયે અવસર આનંદના !

ખોબે ખોબે રંગ ઊડે ગુલાલના
આપું વધામણાં સ્વજનને વહાલનાં,
લાખોના લાડીલા થાય;
આંગણિયે અવસર આનંદના !

ગાઓ ગાઓ ગીત ગાજો ગવરાવજો,
તાલે તાલે નાચ નાચી નચાવજો,
લાખેણા લહાવા લેવાય;
આંગણિયે અવસર આનંદના !



## વેણીનાં ફૂલ

મારે ઘેર આવજે બ્હેની
નાની તારી ગૂંથવા વેણી.

આપણા દેશમાં નીર ખૂટયાં ને
સળગે કાળ દુકાળ;
ફૂલ વિના મારી બે'નડી તારા
શોભતા નહોતા વાળ.
બાગ બગીચાના રોપ નથી બહેની
ઊગતા મારે ઘેર;
મોગરો ડોલર જાઇ ચમેલીની
મારે માથે નથી મ્હેર.
—મારે૦

રૂપ સુગંધી હું કાંઇ ન જાણુ
ડુંગરાનો ગોવાળ;
આવળ બાવળ આકડા કેરી
કાંટયમાં આથડનાર.
—મારે૦

ડુંગરાની ઊંચી ટોચ ઊભાં પેલાં
રાતડા ગુલમોર;
સાપ વીંટયા પીળા કેવડા હું મારી
બહેન સાટુ વીણનાર.
—મારે૦

પહાડ તણે પેટાળ ઊગેલાં
લાલ કરેણીનાં ઝાડ;
કેસૂડલાં કેરી વાંકડી કળીઓ
વીણીશ છેલ્લી ડાળ
—મારે૦

ખેતર વચ્ચે ખોઇ વાળીને
ફૂલ ઝીણાં ખાળીશ;
વાગશે કાંટા, દુઃખશે પાની
તોય જરીકે ન બ્હીશ
—મારે૦

મોઢડાં નો મચકોડજે બાપુ
જોઇ જંગલમાં ફૂલ
મોરલીવાળાને માથડે એ તો
ઓપતાં'તા અણમૂલ.
—મારે૦

શિવ ભોળા, ભોળાં પારવતી એને
ભાવતાં દિવસરાત;
તુંય ભોળી મારી બેનડી તુને
શોભશે સુંદર ભાત.
—મારે૦

ભાઇભાભી બેય ભેળાં બેસીને
ગૂંથશું તારે ચૂલ;
થોડી ઘડી પે'રી રાખજે વીરનાં
વીણેલ વેણી ફૂલ.
—મારે૦

# આશાભર્યાં

આશાભર્યાં અમે આવિયાં ને
મારે વહાલે રમાડયા રાસ રે
આવેલ આશાભર્યાં.

શરદ પૂનમની રાતડી ને
કાંઇ ચાંદો ચડયો આકાશ રે
આવેલ આશાભર્યાં.

ઉતારા દેશું ઓરડા ને
કાંઇ દેશું મેડી કેરા મો'લ રે
આવેલ આશાભર્યાં.

દાતણ દેશું દાડમી ને
કાંઇ દેશું કણેરી કાંબ રે
આવેલ આશાભર્યાં

નાવણ દેશું કૂડીયું ને
કાંઇ દેશુ નદી કેરાં નીર રે
આવેલ આશાભર્યાં.

ભોજન દેશું લાપસી ને
કાંઇ દેશું કઢિયલ દૂધ રે
આવેલ આશાભર્યાં.

કેડે કટારી એને શોભતી રે
શોભે ખભે ખાંતીલા ખેસ રે
આવેલ આશાભર્યાં.

# બેડલું

છલકાતું આવે બેડલું,
મલપતી આવે નાર રે,
મારી સાહેલીનું બેડલું.

મારા ગામના સુતારી રે વીરા તમને વીનવું,
મારે માંડવે બાજોઠ લાવ્યે રે-મારી સાહેલીનું.

મારા ગામના સોનીડા રે વીરા તમને વીનવું,
મારે માંડવે ઝૂમણાં લાવ્યે રે-મારી સાહેલીનું.

મારા ગામના દોશીડા રે, વીરા તમને વીનવું,
મારા માંડવે ચુંદડી લાવ્યે રે-મારી સાહેલીનું,

મારા ગામના મણિયાર રે, વીરા તમને વીનવું,
રૂડો ચૂડલો લઇ આવ્યે રે-મારી સાહેલીનું.

## નહિ રે આવું

નંદલાલ, નહિ રે આવું ને ઘરે કામ છે.
કામ છે, કામ છે, કામ છે વહાલા
નંદલાલ, નહિ રે આવું ને ઘરે કામ છે.

આ કાંઠે ગંગા ને ઓલે કાંઠે જમના
વચમાં ગોકુળિયું ગામ છે વહાલા
નંદલાલ નહિ રે આવું ને ઘરે કામ છે.

ગાયુનાં દુઆણાં ને ભેંસુનાં વલોણાં
છાશું તાણવાની ઘણી હામ છે વહાલા
નંદલાલ, નહિ રે આવું ને ઘરે કામ છે.

સોનલા ઇંઢોણી મારું રૂપલાનું બેડલું
ઘરૂલે ઘૂઘરમાળ છે વહાલા
નંદલાલ, નહિ રે આવું ને ઘરે કામ છે.



# છેટો રે !

છેટો છેટો રે' નંદના છોરા
મારાં શાંધણિયાં અભડાય રે–છેટો રે'
વહાલા ઉતારા દેશું ઓરડા રે
કા'ન, દેશું મેડી કેરા મો'લ રે–છેટો રે'
વહાલા, દાતણ દેશું દાડમી રે
કા'ન, દેશું કણેરી કાંબ રે–છેટો રે'
વહાલા, ભોજન દેશું લાપશી રે
કા'ન, દેશું કઢિયલ દૂધ રે–છેટો રે'
વહાલા, મુખવાસ દેશું એલચી રે
કા'ન, દેશું પાન પચાસ રે–છેટો રે'
વહાલા, રમત દેશું સોગઠાં રે
કા'ન, દેશું પાસાની જોડ રે–છેટો રે'
વહાલા, પોઢણ દેશું ઢોલિયા રે
કા'ન, દેશું હિંડોળા ખાટ રે–છેટો રે'.



# કાનુડો.

જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે
આવડી ધૂમ મચાવે વ્રજમાં
કોઇ નહિ પૂછનાર રે-જશોદા૦

શીંકું તોડ્યું, ગોરસ ઢોળ્યું, ઉઘાડીને ધાર રે
માખણ ખાધું, ઢોળી નાખ્યું
જાન કીધું આ વાર રે-જશોદા૦

ખાંખાખોળા કરતો હીડે, બીએ, નહિ લગાર રે
મહી મથવાની ગોળી ફોડી
આ શાં કહીએ લાડ રે-જશોદા૦

વારે વારે કહું છું તમને હવે ન રાખું ભાર રે
નિત ઊઠીને એમ કેમ સહીએ
વસી નગર મોઝાર રે-જશોદ.૦

આડી અવળી વાત તમારી હું નહિ સાંભળનાર રે
ડાહ્યો ડમરો લાડકો મારો
કદી ન એમ કરનાર રે-જશોદા૦

મારો કાનજી ઘરમાં, એને ક્યારે દીઠો બહાર રે
દૂધ દહીંના ઘર માટ ભર્યાં છે
બીજે ન ચાખે લગાર રે-જશોદા૦

શાને કાજે મળીને આવી ટોળે વળી દસ બાર રે
નરસૈંયાનો સ્વામી સાચો
જુઠી વ્રજની નાર રે-જશોદા૦

## ના ગ દ મ ન

સોનલા ગેડી ને રૂપલા દડુલિયો રે
કા'ન કુંવર ગેડીદડે રમવા જાય !
ડુંગરે ચડી ને દડૂલો દોટાવ્યો રે
જઈ પડયો જળ જમના ભરપૂર !
જમનાને કાંઠે કદંબ કેરાં ઝાડવાં રે
ઝાડવે ઝાડવે કાળો નાગ !
ઝાડવે ચડીને ઝાડ ઝંઝેરિયાં રે
આ તો કોનાં આવ્યાં નાના બાળ !
કે તારી માતાએ તને મારિયો રે
કે તારે તાતે દીધી ગાળ !
કે તારે ભાઈબંધે તને ભોળવ્યો રે
કે તારા વેરીએ દીધો વનવાસ !
નથી મારી માતાએ મને મારિયો રે
નથી મારે તાતે દીધી ગાળ !
નથી મારે ભાઈબંધે મને ભોળવ્યો રે
નથી મારા વેરીએ દીધો વનવાસ !
રમતાં દડુલિયો અહીં આવિયો રે
લેવા એ આવ્યો પાતાળ !
નાગને મારી દડુલિયો લાવિયો રે
હસતો હસતો આવ્યો બાળ !

## ગોપીચંદ

સોનલા કાંચકડી રૂપલા વાટકડી
બાળુડો જોગી બેઠો ના'વા રે ભરથરી.

હાથ પગ ચોળે એના ઘરડાંની નારી
વાંસાનો મોર ચોળે માય રે ભરથરી.

નહિ રે વાદલડી નહિ રે વીજલડી
ઓચિંતાં નીર ક્યાંથી આવ્યાં રે ભરથરી.

આવી કાયા તારા બાપની હતી જો
એ રે કાયાને મરતુક આવ્યાં રે ભરથરી.

કો'તો માતાજી બાવલિયો બની જાઉં જો
કો'તો લઉં' ભગવો ભેખ રે ભરથરી.

દેશ જાજો દીકરા પરદેશ જાજો જો
નો જાશો માડીજાઇ ને દેશ રે ભરથરી.

દેશ જોયા માતા પરદેશ જોયા જો
નથી જોયા માડીજાઇના દેશ રે ભરથરી.

સરોવરિયાની પાળ્યે આંબલિયાની ડાળ્યું જો
ત્યાં ઊતરી જોગીની જમાત રે ભરથરી.


કો' તો ભાભી તમારા ભાઇને દેખાડું જો
કો'તો દેખાડું બાળુડો જોગી રે ભરથરી.

સાચું બોલો તો સોનબાઈ સોને મઢાવું જો
ખોટું બોલો તો જીભડી વાઢું રે ભરથરી.

કડા સાંકળીએ મેં એને દીઠો જો
બાળુડો જોગી એ જ ભાભી રે ભરથરી.

ચાલો ચાલો ભાઈ ચાલો ચાલો બહેન
બાળુડો જોગી જોવા જઈએ રે ભરથરી.

થાળ ભરી શગ મોતીનો લીધો જો
વીરને વધાવાને જાય રે ભરથરી.



# નીંદર ભરી

નીંદરે ભરી રે ગુલાલે ભરી
બેનીબાની આંખડી નીંદરે ભરી રે
નીંદરને દેશ બેની નત્ય નત્ય જાતાં
આકાશી હીંચકાની હોડી કરી
—બેનીબાની૦

દોરી તાણીને વીર મારે હલેસાં
હાલા વાયા ને હોડી વેગે ચડી
—બેનીબાની૦

નીંદર બેઠી છે નીલ સમદરના બેટમાં
કેસરિયા દૂધના કટોરા ભરી
—બેનીબાની૦

નીંદરનો બાગ કોઈ લૂંબે ને ઝૂંબે
કળીઓ નિતારીને કચોળી ભરી
—બેનીબાની૦

સીંચ્યાં છે તેલ મારી બેનીને માથડે
નાવણું કરાવે ચાર દરિયાપરી
—બેનીબાની૦

છીપોની વેલડીને જોડ્યા જળઘોડલા
બેસીને બે'ન જાય મુસાફરી
—બેનીબાની૦

સાતે સિંધુને નીર સફરો રે કીધી
સૂરજ ઊગ્યો ને બે'ન આવ્યાં ફરી
—બેનીબાની૦

# તલવારનો વારસદાર

ભેટે ઝુલે છે તલવાર
વીરાજી કેરી ભેટે ઝુલે રે.

ભીંતે ઝુલે છે તલવાર
બાપુજી કેરી ભીંતે ઝુલે રે.

મારાં બાપુને બહેન ! બે બે કુંવરિયા
બે વચ્ચે પાડયા છે ભાગ-હાં રે બહેની.
વીરાજી કેરી ભેટે ઝુલે રે.

મોટે માગી છે મો'લ મહેલાતો વાડીઓ
નાને માગી છે તલવાર-હાં રે બહેની.
વીરાજી કેરી ભેટે ઝુલે રે.


મોટો મા'લે છે મો'લ મેડીની સાહ્યબી
નાનો ખેલે છે શિકાર-હાં રે બહેની.
વીરાજી કેરી ભેટે ઝુલે રે.

મોટો ચડિયો છે કાંઈ હાથી અંબાડિયે
નાનેરો ઘૂમે ઘમસાણ-હાં રે બહેની
વીરાજી કેરી ભેટે ઝુલે રે.

મોટો સંતાય સુણી શત્રુના રીડિયા
નાનેરો દે છે પડકાર-હાં રે બહેની
વીરાજી કેરી ભેટે ઝુલે રે.

મોટો જીવે છે પાયં શત્રુનાં પૂજતો
નાનેરો સૂતો સંગ્રામ-હાં રે બહેની.
વીરાજી કેરી ભેટે ઝુલે રે.

મોટાનાં મોત ચાર ડાઘૂડે જાણિયાં
નાનાની ખાંભી પુજાય-હાં રે બહેની.
વીરાજી કેરી ભેટે ઝુલે રે.



## પિંજરનું પંખી

પિંજરનું પંખી હું ભૈયા, પિંજરનું પંખી,
હે....પિંજરનું પંખી !

૧

પિંજર તો મારું સોનાનું,
રોજ મળે સારું ખાવાનું,
મારે પણ એ શું કરવાનું,
દિલ રહે જ્યાં ડંખી;
હે....પિંજરનું પંખી !

૨

જો પેલાં ઊઠે પંખીગણ
કોકિલનાં સંભળાયે કૂજન,
હરખી ઊઠે છે મારું મન;
ત્યાં જાવા ઝંખી,
હે....પિંજરનું પંખી !

૩

જો ગગનને ફરતી વાદળીઓ,
પાછળ પડતો વાયુ બળિયો,
ને વચ્ચે વચ્ચે વીજળીઓ,
કેવી ચમકંતી,
હે....પિંજરનું પંખી !

૪

જો જો હસતી રમતી નીકળી.
છાબડિયે લઇ ફૂલની ઢગલી,
ઉષા માંડતી કુમકુમ પગલી,
કેવી હરખંતી
હે....પિંજરનું પંખી !

૫

ટમકે તારા રાતે આભે,
વાતો કરતા ચાંદા સાથે,
ઇકોન અહીંયાં હું તો જાતે,
એકજ વિણસંગી;
હે....પિંજરનું પંખી !

૬


જો પેલો ઘૂઘવે છે દરિયો
અહીં તહીં કાઢે છે હડિયો,
જાણે અરબી ઘોડે ચડિયો,
સેના શું જંગી,
હે....પિંજરનું પંખી !

૭

લૈયા આવું નિતનિત દેખું,
દેખું દાઝું પિંજરે બેઠું,
કોઇ મને ના મૂકે રેઢું,
કેવું હતભાગી !
હે....પિંજરનું પંખી !

## છેલણ બીબિયાં

તમે કાંતો રે મેરી છેલણ બીબિયાં.
કૈસે કાંતું મિયાં, ચરખા મિલે ના,
કમાડ ભંગાઉં તેરા ચરખા બનાવું.
તમે કાંતો રે મેરી છેલણ બીબિયાં;
કૈસે કાંતું મિયાં, ત્રાક મિલે ના,
કટાર ભંગાઉં તેરી ત્રાક બનાવું.
તમે કાંતો રે મેરી છેલણ બીબિયાં.
કૈસે કાંતુ મિયાં, પૂણિયાં મિલે ના,
દાઢી ખોડાઉં તેરી પૂણિયાં બનાવું.
તમે કાંતો રે મેરી છેલણ બીબિયાં.
કૈસે કાંતું મિયાં, લડકા રીઝે ના,
ઢોલક બજાવું તેરા લડકા રિઝાવું.
તમે કાંતો રે મેરી છેલણ બીબિયાં.



## નીંદર ચોર

કોણે નીંદરડી ચોરી ?
હો બહેની ! તારી કોણે નીંદરડી ચોરી ?

થાક્યાં તાણીને તારી દોરી.
હો બહેની ! તારી કોણે નીંદરડી ચોરી ?

જંપ્યાં છે ઝાડપાન, જંપ્યાં પંખીડલાં
વેળા વૈશાખની બપોરી—હો બહેની૦

પાણીડાં ગઈ'તી હું તો પાદરની વાડીએ
ઝોલાં ખાતી'તી ગાય ગોરી—હો બહેની૦

શેરીમાં જાઉં ત્યાંય શીળુડે છાંયડે
ઊંઘે છે ડાઘિયો અઘોરી—હો બહેની૦

આંબાની મહેક મહેક મંજરીના ઝુંડમાં
પોઢયાં ચકવા ને ચકોરી—હો બહેની.

ડાળીની ડોક તણું માંડી ઓશીકડું
ઘોરે ગોવાળિયાની છોડી—હો બહેની૦

સૌએ સંપીને તારી નીંદર સંતાડી દઈ
રાખી નહિ રાતનીય થોડી—હો બહેની૦

# પ્રહ્લાદ

બાળ ! દેખાડ દેખાડ તારો વૈકુંઠપતિ,
એમ હોંકારે બકોરે પેલો મૂઢપતિ !
હું તો મનમાં ન રાખું કોની બીક રતી
બાળ ! દેખાડ, દેખાડ તારો વૈકુંઠપતિ !
મને શું કરે તારો રામ રીસ કરી ?
મારી સન્મુખ શકે ના ધીર ધરી !
ગયો વૈકુંઠેથી નાસી મારે ત્રાસ કરી.
બાળ ! દેખાડ, દેખાડ તારો વૈકુંઠપતિ !
દેખી સ્તંભને પ્રહ્લાદે પ્રણામ કર્યો,
મન આનંદ આણીને પ્રદક્ષિણા ફર્યો;
એવું દેખીને દાનવપતિ ક્રોધે ભર્યો,
બાળ ! દેખાડ દેખાડ તારો વૈકુંઠપતિ !
બાળ સ્તંભે શું વછૂટે ઊઠયો ખડગ ધરી,
દાઢી મૂછ પછાડી દોડી દોટ દઈ,
ફાડયો કડડડ થંભ ધરા ધ્રુજી રહી,
બાળ ! દેખાડ, દેખાડ તારો વૈકુંઠપતિ !
દીઠો કારમો કેસરી નર પ્રકટ થયો,
રૂપ નિહાળી દાનવપતિ દૂર થયો;
ધરી ઢાલ ખડગ આવી ઊભો રહ્યો,
જુઓ પિતાજી પ્રેમે મુજ વૈકુંઠપતિ.

☆

## ઘાંચીની ઘાણી

હું છું ઘાંચીની ઘાણી મારે વાત ઘણી કહેવાની.
પરોઢમાં કૂકડાસાદે હું કામ કરું છું રોજ;
ચકડ ચકડ ફરતાં ગાળાની પડતી મુજને મોજ,
—હું છું૦

ઘાંચી મારો અજબ રંગીલો મુજ સાથે બહુ પ્રીત;
હંમેશાં મૂજને સંભળાવે રાધાકૃષ્ણનાં ગીત
—હું છું૦

પણ ઘાંચી લોભી એક વાતે, સવારથી તે સાંજે
લગ્ન તણી મોસમમાં ચલવે ઘણીય વેળા રાતે.
—હું છું૦

ફરતાં ફરતાં થાકી જાયે તોય ન આવે આરો;
બળદ ઘડીક જો ઊભા રહે તો શરૂ કરી દે મારો.
—હું છું૦

સહ્યું ન જાતું મારાથી યે જોવાતું ના જરીયે;
અંતર મારું રડી ઊઠતું મારે એ ઘડીએ.
—હું છું૦

ને મારા અંતરથી ત્યારે આંસુડાં જે સરતાં;
એ આંસુનાં તેલ બનીને ડબ્બે આવી ઝરતાં.
—હું છું૦

# પીંજરાનો પોપટ

ક્યાં રે ગયો રે, ક્યાં રે ગયો ?
મારો પીંજરાનો પોપટ ક્યાં રે ગયો ?
કેવડાની પાંખ ને માણેકની ચાંચ છે
ખોલીને બા'ર ક્યાં ઊડી ગયો ?
—ક્યાં રે૦

જમણી છે ડોક ને કસ્તૂરીનો કાંઠલો
ભૂખ્યો ને તરસ્યો ભાગી ગયો
—ક્યાં રે૦

શોધી મેં શેરીઓ, શોધ્યાં મેં જંગલો
મીઠાબોલો ના ક્યાંયે મળ્યો
—ક્યાં રે૦

સોનાનું પિંજર એને શા કામનું ?
બાંધેલાં બંધન છોડી ગયો
—ક્યાં રે૦



# લાડુ ભટ

અમે તો હાં રે લાડુ ભટ
અમે તો કરીએ લાડુ ચટ !

રમવા ટાણે લાડુ ને જમવા ટાણે યે લાડુ,
હરવા ને ફરવા ટાણેયે લાડુ નામ રૂપાળું-અમે૦

લાડુના મહેલો ચણવા ચણતર લાડુનું ચણવું
નિશાળમાંયે એક જ ભણતર લાડુનું ભણવું-અમે૦

લાડુની કવિતા ગાવી ને લાડુના બસ ખેલ
લાડુના શીખવાના પાઠો એ તો પડશે સહેલા-અમે૦

લાડુની મોટરગાડી ને લાડુના યે રસ્તા,
દુકાનની અંદરયે લાડુ સસ્તામાંથી સસ્તા !-અમે૦

રેલગાડી લાડુની ને વળી લાડુના પાટા,
કપડાં યે ધોવાને કાજે એ જ લાડુના લોટા-અમે૦

વાવ કુવા લાડુથી ભરિયા નદી સરોવર વળી
સાગરમાં યે લાડુ લાડુ ખરી મજા તો પડે-અમે૦

લાડુની દુનિયા આખી ના બીજું માંગતા કંઇ,
લાડુ ભટને ગોળ ગોળ લાડુની ગમે રસોઇ-અમે૦

## અચ્છા મેરા

અચ્છા મેરા દીનાનાથ
મેરી શોધ લેના
મેરી શોધ લેના બાબા
મેરી શોધ લેના–અચ્છા૦

માત નાહીં, તાત નાહીં,
ઔર કોઇ ભ્રાત નાહીં
તેરે બિન કો સાજન નાહીં
કહાં જાકે રહેના ?–અચ્છા૦

સોનેકા સોનૈયા નાહીં
રૂપેકા રૂપૈયા નાહીં
કોડી દમડી પાસ નાહીં
કહાં જાકે રહેના ?–અચ્છા૦



## પરમેશ્વર

મને કહોને પરમેશ્વર કેવા હશે ?
કેવા હશે ? શું કરતા હશે ?
—મને૰

ગગનની ઓઢણીમાં ચાંદા સૂરજને
તારાને ગૂંથનાર કેવા હશે ?
—મને૰

આંબાની ઊંચી ડાળીએ ચડીને
મોરોને મૂકનાર કેવા હશે ?
—મને૰

મીઠા એ મોરોનાં સ્વાદ ચખાડી
કોયલ બોલાવનાર કેવા હશે ?
—મને૰

ઊંડા એ સાગરનાં મોજાં ઉછાળી
ઘૂ ઘૂ ગજાવનાર કેવા હશે ?
—મને૰



જો તું બા કુંતાજી બન તો
પાંચ પાંડવો થઇએ અમે;
નહિ યુધિષ્ઠિર, નહિ અર્જુન પણ
ભીમ થવાનું મુજને ગમે !

ગદા લઇને ફરવા નીકળું
હાહાકાર મચાવું હું !
કૌરવ દળને હંફાવીને
પંખી જેમ નચાવું હું !

દુર્યોધન જો સામો આવે
પટકી પાડું હું પળમાં
કોઇ ન બા હું દેખો એવો
વધી જાય મુજથી બળમાં !

દુર્યોધન બા કપટ કરી છો
વિષના લાડુ ખવડાવે;
બંદો એથી ડરે ન એવો
પતાળથી પાછો આવે !

મેં તો તુજને કહ્યું ન'તું બા
દુર્યોધન પાકો શત્રુ !
લાખા મહેલ જવાનું કહે છે
એમાં એનું કાવત્રું !

પણ તું તો બા ભોળી એવી
કે ના મારું કંઇ માન્યું,
કહેવડાવ્યું વિદુરજીએ
ત્યારે તેં સાચું જાણ્યું !

હવે રખે આ દુર્યોધનથી
ગુપ્ત પડે રે'વું વનવાસ;
ડરીશ ના આ એથી જરીયે
ભીમસેન હું તારી પાસ !

હેડંબાનો ગર્વ ઉતારું
બકરાક્ષસને રોળું હું;
દ્રુપદના દરબારે જાશું
બ્રાહ્મણ વેશે આપણ સહુ !

મચ્છવેધ કરશે અર્જુન ને
પૂરો થશે સ્વયંવર પર્વ;
દુર્યોધન ને કર્ણ બિચારા
અભડી જાશે કૌરવ સર્વ !

મળી આજ આ સારી ભિક્ષા
બોલીશ ત્યાં તો તું મલકઈશ;
પણ આવીને બહાર નીરખતાં
શું તું અમને ઠપકો દઈશ !

તને ગતાગમ કશી ભીમ ના
બાકી મારે તું સઘળે;
સખણો તું નવ ક્યાંયે રહેતો
શહેરમાં કે વનવગડે !

બની જેશ બસ ડાહ્યો ડમરો
ત્યારે બા હું સાચેસાચ;
જો તું બા કુંતાજી બન તો
અમે થઈશું પાંડવ પાંચ !

## છું તૈયાર

ફટાક મારાં બંધન છૂટે, સ્વતંત્ર હું સરદાર !
છું સ્વતંત્ર હું સરદાર !
સૌની આગે ડગલાં છૂટે, છું તૈયાર છું તૈયાર !

*

ધમાક ધમધમ ધરતી ધ્રુજે અંતર જોમ અપાર !
છે અંતર જોમ અપાર !
અંગે ચેતન તણખા છૂટે, છું તૈયાર, છું તૈયાર !

*

પલ પલ ભાવિ જીવન ભાળું, ઊઘડે દૃષ્ટિ દ્વાર !
મુજ ઊઘડે દૃષ્ટિ દ્વાર !
ઝૂમઝુમ ઉર આનંદ ઉછાળું, છું તૈયાર, છું તૈયાર !

*

ઝટપટ કૂચ કરીને વીરા, કાપો પથ વિસ્તાર !
હો કાપો પથ વિસ્તાર !
જય જય જનની સાદ અધીરા, છું તૈયાર, છું તૈયાર !



## રાષ્ટ્રગીત

જનગણ મન અધિનાયક જય હે
ભારત ભાગ્ય વિધાતા !

પંજાબ, સિંધ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગા;

વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિ તરંગા.

તવ શુભ નામ જાગે
તવ શુભ આશિષ માગે
ગાવે તવ યશ ગાથા

જનગણ મંગલ દાયક જય હે
ભારત ભાગ્ય વિધાતા !

જય હે ! જય હે ! જય હે !
જય જય જય જય હે ભારત ભાગ્ય વિધાતા !



# સાચવવા-વસાવવા જેવું સાહિત્ય

## ગિજુભાઇનું સાહિત્ય

મોન્ટીસોરી પદ્ધતિ
દિવા સ્વપ્ન
આ તે શી માથફોડ
માબાપ થવું આકરૂં છે
કિશોર કથાઓ-ભા-૧-૨
વાર્તાનું શાસ્ત્ર-
ધર્માત્માઓના ચરિતો ૧ થી ૪
રખડુ ટોળી
પ્રાસંગિક મનન
શાંતપળોમાં
ગિજુભાઇનું જીવન (લે.રામભાઈ)
,, મૂછાળી મા-ગિરીશભાઈ

## સ્વ. નાનાભાઇ ભટ્ટના પુસ્તકો

શ્રીમદ્ લોકભાગવત ભા-૧ ૨
હિંદુધર્મની આખ્યાયિકાઓ-ભા-૧-૨
ભાગવત કથાઓ
હઝરત મોહમ્મદ પયગંબર

## શ્રી મૂળશંકર મો. ભટ્ટના પુસ્તકો

મહાન મુસાફરો
૮૦ દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા
ચંદ્રલોકમાં
નાનસેન
ગગન રાજ
દુખિયારાં (લે. મિઝરાબ્લ) ભા-૧-૨
અંધારના સીમાડા (ટોલસ્ટોયનું નાટક)

**મેઘાણીગ્રંથ ભા-૧-૨** મેઘાણીના તમામ સાહિત્યમાંથી પસંદગી-સંગ્રહ. ગીતો-લોક વાર્તા-અને અન્ય

મેળવવા-લખો

સંસ્કાર સાહિત્ય મંદિર-દરબારગઢ-પો. બો. નં. ૩૪-ભાવનગર


લક્ષ્મી-ભાવનગર